©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 24th JULY, 2026/SRAVANA 02, 1948 [Issue No. 31

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ)નું જાહેરનામું

હુકમ

નાં. એમએજી/સી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૧૯૬/૨૦૨૬/૧.-Director General, National Testing Agency, New Delhi ના તા. ૧૧-૦૬-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : D.O. No. N/020/NEET(UG)/2026-NTA ની વિગતે આગામી તા. ૨૧-૦૬-૨૦૨૬ ના રોજ NEET (UG)-2026 ની પરીક્ષા યોજાનાર છે. અત્રેના જિલ્લામાં NEET (UG)-2026 ની પરીક્ષા જવાહર નવોદય વિધાલય, પોરબંદર કેન્દ્ર ખાતે યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિ ઉપર અસર પડવાની સંભાવના હોય તે સંજોગોમાં કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો **મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિકસ ઉપકરણો દ્વારા તેમજ ફોટોસ્ટેટ મશીન દ્વારા** પરીક્ષા ખંડમાં પહોચવાની પુરેપુરી શકયતા અને સંભાવના રહેલ હોય ઈલેકટ્રોનિકસ ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવવાની થાય છે. પરીક્ષાર્થીઓને માનસિક પરીતાપ ન થાય, પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ મને મળેલા અધિકારની રૂએ પોરબંદર જિલ્લા ખાતેના જવાહર નવોદય વિધાયલ, ઠે. ધરમપુર, નેશનલ હાઈવે નં. ૨૭, જિ. પોરબંદર ખાતે તા. ૨૧-૦૬-૨૦૨૬ ના ૧૩-૦૦ થી બપોરના ૧૭-૩૦ કલાક દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારની હદમાં ફોટોસ્ટેટ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/મશીનધારકોએ તેમના ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોના પરિસરમાં કે પરીક્ષા ખંડોમાં ગેરરીતી/ચોરીઓના દુષણો ન થાય તે હેતુથી મોબાઈલ, કેલ્કયુલેટર, ડિજીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ગેરરીતી આચરવા કોમ્યુનીકેશન થઈ શકે એવા કોઈ પણ પ્રકારના સાધનો/ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમ આજરોજ તા. ૧૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૯ માહે જુન, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩)નું જાહેરનામું

હુકમ

નાં. એમએજી/સી/પરીક્ષા/૩૭(૩)/૧૯૬/૨૦૨૬/૨.-Director General, National Testing Agency, New Delhi ના તા. ૧૧-૦૬-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : D.O. No. N/020/NEET(UG)/2026-NTA ની વિગતે આગામી તા. ૨૧-૦૬-૨૦૨૬ ના રોજ NEET (UG)-2026 ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો આસપાસ લોકો એકત્ર થાય તેમ જણાય છે તેથી પરીક્ષાર્થીઓને ખલેલ પડે તેવી સંભવના છે. આ પરીક્ષાઓ શાંતિ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તથા બીનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષાની કામગીરીને દખલ પહોંચાડે નહી તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ પગલાં લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલા સત્તાની રૂએ પોરબંદરના જિલ્લાના આ સાથેના સામેલ જવાહર નવોદય વિધાયલ, ઠે. ધરમપુર, નેશનલ હાઈવે નં. ૨૭, જિ. પોરબંદર ખાતે તા. ૨૧-૦૬-૨૦૨૬ ના ૧૩-૦૦ થી ૧૭-૩૦ કલાક દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦-મીટરના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં ગલીઓમાં બે કે બે કરતા વધારે સંખ્યામાં લોકોએ એકઠા થવું નહી, સરઘસો કાઢવા નહિ, સુત્રો પોકારવા નહી, લાઉડ સ્પીકર કે અન્ય રીતે ઘોંઘાટ થાય તેવી કોઈ કાર્યવાહી કરવી નહી.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમ આજરોજ તા. ૧૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૯ માહે જુન, સને ૨૦૨૬.

એ. ડી. મિયાત્રા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

જાહેરનામું

નાં. એમએજી/વશી/૧૬૩/૩૦૫-૧/૨૦૨૬.-પોરબંદર જિલ્લાના જુદા જુદા બંદરોથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે. સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શકય હોતી નથી તેમજ જુન માસથી દરીયો તોફાની થઈ જાય છે. માછીમારોને સામાન્ય રીતે જુન માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક હોય છે. મત્સ્યોદ્યોગ ખાતુ તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા આવા માછીમારોને આવી સીઝનમાં સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી, તેમ છતા, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનુ જોખમ ઉભુ થાય તેવો પુરતો સંભવ છે. તેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૧૫-૦૫-૨૦૨૬ થી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે

સબબ, હું, **કમલ ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તા રૂએ આથી ફરમાવું છું કે, પોરબંદર જિલ્લાના સમગ્ર દરિયાકાંઠા થી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યકિતઓએ તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૦-૦૭-૨૦૨૬ (બંને દિવસો સહિત) ના સમય દરમ્યાન માછીમારી માટે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરીયામાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

: અપવાદ :

(૧) પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને

(૨) લશ્કરી દળો, અર્ધ લશકરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટો

(૩) નોન મોટરાઈઝડ ક્રાફ્ટ (લાકડાની બિન યાંત્રિક એક લાકડી હોડી અને શઢવાળી હોળી) તથા પગડીયા માછીમારો

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની વર્તમાનપત્રોની મારફત બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૩૦-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

કમલ ચૌધરી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ)નું જાહેરનામું

હુકમ

નાં. એમએજી/વશી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૨૧૫-૧/૨૦૨૬.-ઉપસચિવશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગરના તા. ૧૯-૦૫-૨૦૨૬ ના પત્રથી ગુજરાત ઉચ્ચ મહેસૂલ લાયકાત પરીક્ષા-૨૦૨૬ નાયબ મામલતદાર, મહેસૂલી કારકુન તથા મહેસૂલી તલાટી સંવર્ગના કર્મચારીઓ માટે આગામી તા. ૨૫-૦૫-૨૦૨૬ થી તા. ૩૦-૦૫-૨૦૨૬ ખાતે સમય કલાક ૧૦-૩૦ થી ૧૩-૪૦ કલાક દરમિયાન પોરબંદર ખાતેના ડો. વી.આર. ગોઢાણીયા, મહીલા કોલેજ, ઠે. ખીજડી પ્લોટ સામે, એમ. જી. રોડ, પોરબંદર કેન્દ્ર ખાતે યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણ ન થાય તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિકસ ઉપકરણો દ્વારા પરીક્ષા ખંડમાં પહોચવાની પુરેપુરી શકયતા અને સંભાવના રહેલ હોય ઈલેકટ્રોનિકસ ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવવા સૂચના થઈ આવેલ છે. ઉકત સુચનાઓની વિગતે પરીક્ષાર્થીઓને માનસિક પરીતાપ ન થાય, પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ મને મળેલ અધિકારની રૂઈએ પોરબંદર જિલ્લા ખાતેના પરીક્ષા કેન્દ્ર ડો. વી.આર. ગોઢાણીયા, મહીલા કોલેજ, ઠે. ખીજડી પ્લોટ સામે, એમ. જી. રોડ, પોરબંદર ખાતે તા. ૨૫-૦૫-૨૦૨૬ થી તા. ૩૦-૦૫-૨૦૨૬ સુધી સમય કલાક ૧૦-૦૦ થી ૧૪-૦૦ સુધી પરીક્ષા કેન્દ્રના પરિસરમાં કે પરીક્ષા ખંડોમાં ગેરરીતી/ચોરીઓના દુષણો ન થાય તે હેતુથી મોબાઈલ, કેલ્કયુલેટર, ડિઝીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ગેરરીતી આચરવા કોમ્યુનીકેશન થઈ શકે એવા કોઈ પણ પ્રકારના સાધનો/ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમ આજરોજ તા. ૨૨-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૨૨ માહે મે, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩)નું જાહેરનામું

હુકમ

નાં. એમએજી/વશી/પરીક્ષા/૩૭(૩)(એફ)/૨૧૫-૨/૨૦૨૬.-ઉપસચિવશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગરના તા. ૧૯-૦૫-૨૦૨૬ ના પત્રથી ગુજરાત ઉચ્ચ મહેસૂલ લાયકાત પરીક્ષા-૨૦૨૬ નાયબ મામલતદાર, મહેસૂલી કારકુન તથા મહેસૂલી તલાટી સંવર્ગના કર્મચારીઓ માટે આગામી તા. ૨૫-૦૫-૨૦૨૬ થી તા. ૩૦-૦૫-૨૦૨૬ ખાતે સમય કલાક ૧૦-૩૦ થી ૧૩-૪૦ કલાક દરમિયાન પોરબંદર ખાતેના ડો. વી.આર. ગોઢાણીયા, મહીલા કોલેજ, ઠે. ખીજડી પ્લોટ સામે, એમ. જી. રોડ, પોરબંદર કેન્દ્ર ખાતે યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો આસપાસ લોકો એકત્ર થાય તેમ જણાય છે. જેથી પરીક્ષાર્થીઓને ખલેલ પડે તેવી સંભવના છે. આ પરીક્ષાઓ શાંતિ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તથા બીનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષાની કામગીરીને દખલ પહોંચાડે નહી તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ પગલાં લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલા સત્તાની રૂઈએ પોરબંદર જિલ્લા ખાતેના ડો. વી.આર. ગોઢાણીયા, મહીલા કોલેજ, ઠે. ખીજડી પ્લોટ સામે, એમ. જી. રોડ, પોરબંદર ખાતે તા. ૨૫-૦૫-૨૦૨૬ થી તા. ૩૦-૦૫-૨૦૨૬ સુધી સમય ૧૦-૦૦ થી ૧૪-૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦-મીટરના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં ગલીઓમાં બે કે બે કરતા વધારે સંખ્યામાં લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહી, સુત્રો પોકારવા નહી, લાઉડ સ્પીકર કે અન્ય રીતે ઘોંઘાટ થાય તેવી કોઈ કાર્યવાહી કરવી નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમ આજરોજ તા. ૨૨-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૨૨ માહે મે, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) નું જાહેરનામું

હુકમ :

નાં. એમએજી/વશી/પરીક્ષા/૩૭(૧)(એફ)/F-૧૧૫૩/૨૦૨૬/૧.-સભ્ય સચિવ જિલ્લા પરીક્ષા સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : પશા/જુન/પરીક્ષા/૨૦૨૬/૪૭૪, તા. ૦૩-૦૬-૨૦૨૬ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૧૯-૦૬-૨૦૨૬ દરમ્યાન સવારે ૧૦-૦૦ થી ૧૩-૧૫ સુધી ધોરણ-૧૦ (એસ.એસ.સી.) ની પરીક્ષા તથા તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૨૦-૦૬-૨૦૨૬ દરમ્યાન સવારે ૧૦-૩૦ થી ૧૩-૪૫ અને બપોરે ૦૩-૦૦ થી ૦૬-૧૫ સુધી ધોરણ-૧૨(એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ તથા તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૧૭-૦૬-૨૦૨૬ દરમ્યાન બપોરે ૦૩-૦૦ થી ૦૬-૩૦ સુધી ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિ ઉપર અસર પડવાની સંભાવના હોય તે સંજોગોમાં કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો, મોબાઈલ ફોન, ઈલેકટ્રોનીકસ ઉપકરણો દ્વારા તેમજ ફોટોસ્ટેટ મશીન દ્વારા પરીક્ષા ખંડમાં પહોંચવાની પુરેપુરી શક્યતા અને સંભાવના રહેલ હોય ઈલેકટ્રોનિકસ ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની વિગતે પરીક્ષાર્થીઓને માનસીક પરીતાપ ન થાય, પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ મને મળેલ અધિકારની રૂઈએ પોરબંદરના જિલ્લા ખાતેના સામેલ પરિશિષ્ટ-અ મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર દર્શાવેલ તારીખો અને સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરના વિસ્તારની હદમાં ઝેરોક્ષ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/મશીનધારકોએ તેમના ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોના પરિસરમાં કે પરીક્ષા ખંડોમાં ગેરરીતી/ચોરીઓના દુષણો ન થાય તે હેતુથી મોબાઈલ, કેલ્કયુલેટર, ડિઝીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ગેરરીતી આચરવા કોમ્યુનીકેશન થઈ શકે એવો કોઈ પણ પ્રકારના સાધનો/ઉપકરણો લઈ જવા પર મનાઈ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમ આજરોજ તા. ૦૬-૦૬-૨૦૨૬ રોજ મારી સહી તથા સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૦૬ માહે જુન, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) નું જાહેરનામું

હુકમ :

નાં. એમએજી/વશી/પરીક્ષા/૩૭(૩)/F-૧૧૫૩/૨૦૨૬/૨.-સભ્ય સચિવ જિલ્લા પરીક્ષા સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : પશા/જુન/પીરક્ષા/૨૦૨૬/૪૭૪, તા. ૦૩-૦૬-૨૦૨૬ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૧૯-૦૬-૨૦૨૬ દરમ્યાન સવારે ૧૦-૦૦ થી ૧૩-૧૫ સુધી ધોરણ-૧૦ (એસ.એસ.સી.) ની પરીક્ષા તથા તા.

૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૨૦-૦૬-૨૦૨૬ દરમ્યાન સવારે ૧૦-૩૦ થી ૧૩-૪૫ અને બપોરે ૦૩-૦૦ થી ૦૬-૧૫ સુધી ધોરણ-૧૨(એચ.એસ. સી.) સામાન્ય પ્રવાહ તથા તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૧૭-૦૬-૨૦૨૬ દરમ્યાન બપોરે ૦૩-૦૦ થી ૦૬-૩૦ સુધી ધોરણ-૧૨ (એચ.એસ. સી.) વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રો આસપાસ લોકો એકત્ર થાય તેમ જણાય છે. જેથી પરીક્ષાર્થીઓને ખલેલ પડે તેવી સંભાવના છે. આ પરીક્ષા શાંતિ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તથા બિનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષાની કામગીરીને દખલ પહોંચાડે નહી તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(ફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ અધિકારની રૂઈએ પોરબંદરના જિલ્લા ખાતેના સામેલ પરિશિષ્ટ-અ મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર દર્શાવેલ તારીખો અને સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં કે ગલીઓમાં બે કે બે કરતા વધારે સંખ્યામાં લોકોએ એકઠા થવુ નહીં. સરઘસો કાઢવા નહી, સુત્રો પોકારવા નહી, લાઉડ સ્પીકર કે અન્ય રીતે ઘોંઘાટ થાય તેવી કોઈ કાર્યવાહી કરવી નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમ આજરોજ તા. ૦૬-૦૬-૨૦૨૬ રોજ મારી સહી તથા સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, પોરબંદરના ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ), ૩૭(૩) હેઠળના જાહેરનામા ક્રમાંક : એમએજી/વશી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૩૭(૩)/F-૧૧૫૩/૨૦૨૬/૧/૨, તા. ૦૬-૦૬-૨૦૨૬ સાથેનું

પરિશિષ્ટ-''અ''

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય/વિજ્ઞાન) પ્રવાહની જુન-૨૦૨૬ ની પુરક પરીક્ષાઓ

પરીક્ષા સ્થળોની વિગત દર્શાવતું પરિશિષ્ટ-''અ''

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું		પરીક્ષાની તારીખ અને સમય
	ધોરણ-૧૦ ના પરીક્ષાના કેન્દ્રો		
૧	નવયુગ વિદ્યાલય પોરબંદર	ભાવસિંહજી હોસ્પીટલ પાસે, પોરબંદર	તા. ૧૧-૦૬-૨૦૨૬, તા. ૧૨-૦૬-૨૦૨૬, તા. ૧૩-૦૬-૨૦૨૬, તા. ૧૫-૦૬-૨૦૨૬, તા. ૧૬-૦૬-૨૦૨૬, તા. ૧૭-૦૬-૨૦૨૬, તા. ૧૮-૦૬-૨૦૨૬, તા. ૧૯-૦૬-૨૦૨૬, ના સમય ૦૯-૩૦ થી ૧૩-૩૦ કલાક સુધી
૨	મ. શ્રી. બાલુબા કન્યા વિદ્યાલય પોરબંદર	જુના ફુવારા પાસે, પોરબંદર	
૩	શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ છાંયા	છાંયા મેઈન રોડ, છાંયા, પોરબંદર	
૪	સેન્ટ જોસેફ સ્કુલ	આદિત્યાણા રોડ, ખાપટ, પોરબંદર	
૫	સેન્ટમેરી ઈ.મિ. સ્કુલ યુનિટ-૧, પોરબંદર	સાંદીપની રોડ, જિલ્લા અદાલત પાછળ, પોરબંદર	
	ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) ના પરીક્ષાના કેન્દ્રો		
૬	ડિવાઈન પબ્લીક સ્કુલ બોખીરા	રીલાયન્સ પેટ્રોલ પમ્પ પાછળ, નેશનલ હાઈવે, બોખીરા, પોરબંદર	તા. ૧૧-૦૬-૨૦૨૬, તા. ૧૨-૦૬-૨૦૨૬, તા. ૧૩-૦૬-૨૦૨૬, તા. ૧૫-૦૬-૨૦૨૬, તા. ૧૬-૦૬-૨૦૨૬, તા. ૧૭-૦૬-૨૦૨૬, તા. ૧૮-૦૬-૨૦૨૬, તા. ૧૯-૦૬-૨૦૨૬, તા. ૨૦-૦૬-૨૦૨૬ ના સમય ૦૯-૩૦ થી ૧૮-૩૦ કલાક સુધી
૭	કેશવાલા MRK (GMC) મેમોરીયલ સ્કુલ, પોરબંદર	છાંયા, પોરબંદર	
૮	ચમ મેમોરીયલ સ્કુલ - પોરબંદર	ખારવા વિદ્યાર્થી ભવન પાસે, ડી.એસ.પી. ઓફીસ પાછળ, આશા ચીલ્ડ્રન હોસ્પીટલ સામે, પોરબંદર	
૯	વી.જે.મદ્રેસા ગર્લ્સ હાઈસ્કુલ, પોરબંદર	મેમણવાડા, પોરબંદર	
૧૦	વી.જે.મદ્રેસા બોયસ હાઈસ્કુલ, પોરબંદર	સુદામા ચોકની બાજુમાં, પોરબંદર	

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું		પરીક્ષાની તારીખ અને સમય
	ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) ના પરીક્ષાના કેન્દ્રો		
(૧૧)	સાંદીપની ઈંગ્લીશ મિડીયમ સ્કુલ (યુનિટ-૧) પોરબંદર	મહર્ષિ સાંદીપની માર્ગ, છાંયા, પોરબંદર	તા. ૧૧-૦૬-૨૦૨૬, તા. ૧૨-૦૬-૨૦૨૬, તા. ૧૩-૦૬-૨૦૨૬, તા. ૧૫-૦૬-૨૦૨૬, તા. ૧૬-૦૬-૨૦૨૬, તા. ૧૭-૦૬-૨૦૨૬, ના સમય ૧૪-૩૦ થી ૧૮-૩૦ કલાક સુધી

પોરબંદર, ૦૬ માહે જુન, સને ૨૦૨૬.

રેખાબા સરવૈયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.04 08:37:13 IST